॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૧૪ | ગુરૂવાર | તા.: ૦૮.૧૨.૨૦૨૨ | SDP No. : 959 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અમૃત મહોત્સવ યોજાયો

શ્રી ખેડોઈ લક્ષ્મીનારાયણ સનાતન સમાજ આયોજિત શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અમૃત મહોત્સવ 27 નવેમ્બરથી 29 નવેમ્બર દરમિયાન યોજાઇ ગયો ૭૭ વર્ષ પહેલા પાટીદાર સમાજના વડીલોએ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિરનું નિર્માણ કર્યું ; સંત ઓધવરામનું મહારાજના હસ્તે ભૂમિ પૂજન થયેલ જેનાથી જ્ઞાતિમાં ધાર્મિક સંસ્કારોનું વહન આજ સુધીની પેઢીમાં થતું રહ્યું છે આ આ પ્રેરણાત્મક સંસ્કારો જળવાઈ રહે , સંગઠનની ભાવના બળવત્તર બનતી રહે સામાજિક ધાર્મિક અને શૈક્ષણિક પ્રક્રિયાને વધુ વેગ મળે એ ઉદ્દેશ સાથે ત્રિદિવસીય ઉત્સવ ઉજવવામાં આવ્યો. વિવિધ દર્શનીય ચિંતનશીલ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમ દ્વારા સમાજમાં ઉત્સાહજનક વાતાવરણ પ્રસ્થાપિત થયું હતું. આર્ષ અધ્યયન કેન્દ્ર -ભુજના સ્વામી પ્રતિષ્ઠાનંદ સરસ્વતીએ ગીતા અધ્યયન કેવી રીતે વધી શકે સાથે ધાર્મિક સનાતનની સંસ્કારો માં કઈ રીતે વધારો કરીને પરમાત્માની નજીક કઈ પદ્ધતિથી જઈ શકાય અને તેમાં મંદિરોની અગત્યની ભૂમિકા વિશે વિષદ છણાવટ કરીને શ્રોતાઓને જકડી રાખ્યા હતા. સંત શ્રી વૃંદાવન વિહારી દાસજી જેઓ લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન રેશનલપરના માર્ગદર્શન સંત તરીકે સેવા આપી રહ્યા છે. તેઓએ દેશલપર નજીક અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સમાજ સંચાલિત લક્ષ્મીનારાયણ સંસ્કારધામ જે 50 એકર જમીનમાં ફેલાયેલું છે ત્યાં અંગ્રેજી મીડીયમની ધોરણ 12 સુધીની સ્કૂલ આવેલી છે તે અંગે વિસ્તૃત છણાવટ કરતાં શંકરાચાર્ય દ્વારા વેદ ગાદી ગુરૂની પ્રસ્થાપિત થઈ છે. જ્ઞાતિમાં ધાર્મિક ભાવના વધતી જોવા મળી છે. સંસ્કાર કેન્દ્રો સમગ્ર કચ્છ અને ભારતમાં જ્યાં પાટીદારો વસવાટ કરે છે ત્યાં સારી રીતે ચાલે છે તે અંગેની વાત કરી હતી કચ્છકાર પ્રદિપ ત્રિપાઠી મહારાજે પાટીદાર સમાજે અમારી ભાવના ની હંમેશા કદર કરી છે તેમ જણાવ્યું હતું વિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું તે અંગેના યજમાન દાતા સ્વ કાનજી ધનજી છાભૈયા પરિવાર રહ્યા હતા. વિષ્ણુયાગ યજ્ઞ શાસ્ત્રીશ્રી પ્રદીપ ઉમિયા શંકર ત્રિપાઠી દ્વારા કરવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમ ખેડોઇ ગામના યુવા મંડળ અને મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ હતો. લક્ષ્મીનારાયણ ધર્મપ્રચાર સમિતિ દ્વારા ભજન સત્સંગ ડાયરામાં શ્રોતાઓ ભક્તિ ભાવથી રંગાઈ ગયા હતા આ કાર્યક્રમનું સંચાલન રવિલાલ વાલાણીએ કર્યું હતું. સામાજિક સભામાં અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સમાજના લક્ષ્મીનારાયણ મંદિર અમૃત મહોત્સવના મુખ્ય દાતાશ્રીઓનાં સન્માન કરાયાં હતાં જેમાં કાનજી ધનજી છાભૈયા પરિવાર સ્વ વિશ્રામ રાજા ભગત પરિવાર સ્વ હિરજી લાલજી છાભૈયા પરિવાર , સ્વ રતનબેન પ્રેમજી નાનજી ભોજાણી પરિવાર , શામજી ખીમજી ગોરાણી - સુરત , સુરેશ નારણ પોકાર -અમદાવાદ , સ્વ. ગોમતીબેન જેઠાભાઈ ગોરાણી પરિવાર - સુરત, લીલાવંતીબેન રેવાલાલ પાટીદાર, ડાયાભાઈ ગોવિંદભાઈ પોકાર -ઝંજાર, કરશન રામજી ભોજાણી ,સ્વ નર્મદાબેન રમણીક પોકાર અને કલાબેન મણીલાલ પોકાર, કાંતિભાઈ શીવજી છાભૈયા -શંકરપુરાકંપા, રામબાઈ નારણ ચૌહાણ, ભગવતીબેન હરજીભાઈ ખીમાણી, રમણીક ગોવિંદ છાભૈયા, સ્વ મોંઘીબેન ખેતશી લીંબાણી પરિવાર, લીલાબેન વિશ્રામ લીંબાણી, શાંતિલાલ મનજી પોકાર- સુરત. સ્વ નારણ વિશ્રામ ભોજાણી.સ્વ કુંકુબેન દેવરામ માકાણી ,સ્વ હરજી માવજી પોકાર, સ્વ લક્ષ્મીબેન ડાયાભાઈ લીંબાણી, શાન્તાબેન રામજી લીંબાણી, સ્વ શાંતિલાલ દેવશી પોકાર, સ્વ રતિલાલ શામજી માકાણી, ઈશ્વર કરશન દિવાણી, મનસુખ ગોવિંદ પોકાર, અંબાલાલ ભાણજી ભોજાણી, તુલસીદાસ મણીલાલ પોકાર,

સામાજિક સભામાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનો સર્વશ્રી ભુજઝોન પ્રમુખ ઈશ્વરભાઈ ભાવાણી, કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ રાજેશભાઈ દિવાણી, ટ્રસ્ટી ડૉ. પ્રેમજીભાઈ ગોગરી, મંત્રી વિનોદ માવજીભાઈ ભગત, ખજાનચી પ્રવીણ ધનાણી સહ ખજાનચી મણીભાઈ પટેલ, નખત્રાણા બોર્ડીંગના કન્વીનર ગોવિંદભાઈ ધોળુ, કચ્છ પૂર્વ રિઝીયન યુવા સંઘના પ્રમુખ સુરેશભાઈ ભગત, મુંબઈ સમાજ અગ્રતન રામજીભાઈ સેંધાણી, દેવરામભાઈ ધોળુ કોટડા, ઉગમણા વાસના પ્રમુખ રવિલાલ લીંબાણી, કોટડા આશમણા વાસના પ્રમુખ ડાયાભાઈ ભગત, પાંતિયા સમાજના પ્રમુખ જેન્તીભાઈ પોકાર, ખંભરા સમાજના પ્રમુખ પ્રેમજીભાઈ લિમાણી કચ્છ પૂર્વ રિઝીયન વાઇસ ચેરમેન અશોક ઠાકરશી મહામંત્રી રમેશ રામાણી ,ગાંધીધામ સમાજના પ્રમુખ વાસુદેવ સાંખલા, ઉપ-પ્રમુખ કાંતિભાઈ પોકાર પાટીદાર પ્રગતિના તંત્રીશ્રી નારાયણ વિશ્રામ ભગત ઉમાદર્પણના સહતંત્રી રમેશ પોકાર, કર્ણાવત પરિવારના રેવાલાલ ભોજાણી, થરાવડા સમાજના પ્રમુખ બાબુભાઈ છાભૈયા હાજર રહ્યા હતા.

પ્રમુખ શ્રી ગંગારામભાઈ શિવદાસ રામાણી એ પાટીદાર સમાજની પીઠ થાબડતાં મનનીય પ્રવચનમાં ધાર્મિક ભાવના વધુ બળવત્તર બને જ્ઞાતિમાં એકતા ટકી રહે તે માટે સનાતનની વિચારધારા સાથે કપરા સમયમાં વડીલો દ્વારા બંધાયેલ મંદિર નિર્માણ થયું જેનાથી આજે પણ જ્ઞાતિમા સંગઠન મજબૂત રહ્યું છે તેમ જણાવ્યું હતું. ઉમિયા માતાજીના સંસ્થાન વાંઢાયના પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુ એ આગામી રામનવમી પ્રસંગ વાંઢાય ખાતે સહસ્રચંડી યજ્ઞ યોજવાનો છે તે અંગે વાત કરતા ઉમિયા માતાજી સંસ્થા દ્વારા અમૃત મહોત્સવ અંગેની વિગતવાર માહિતી આપી હતી. તેમાં પાટીદાર સમાજને જોડાવવાનું આહવાન કર્યું હતું. પાટીદાર સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણીએ ખેડોઇ ગામે 77 વર્ષ પહેલા મંદિર નિર્માણ થયું તે અંગે તે વખતના સ્વર્ગસ્થ દાતાઓએ તે વખતના ચલણ ક્રોરીમાં કેટકેટલી રકમ આપી તે સમયે યોજાયેલ સમિતિ અને સ્વયં સેવકોની ઐતિહાસિક માહિતી આપી હતી. આગામી સમાજમાં યોજાનાર અમૃત મહોત્સવમાં ભાગ લેવા જણાવ્યું હતું શ્રી ખેડોઈગામની વ્યક્તિઓ જેઓએ પોતાના ક્ષેત્રમાં આવડત અને પ્રતિભાથી કેરિયર બનાવી સમાજને ઉપયોગી થયા છે તેવી વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન કરવામાં આવ્યા હતા. સમગ્ર આયોજનને સફળતાપૂર્વક પાર પાડવામાં ફરજ સાથે જવાબદારી નિભાવવી તેવાશ્રી ખેડોઇ સમાજના પ્રમુખશ્રી એડવોકેટ કિરણ પોકાર, આયોજન સમિતિના ચેરમેન રેવા લાલ કરમશી પાટીદાર, વાઇસ ચેરમેન પ્રો. ડૉ. કે.વી પાટીદાર અને બચુલાલ છાભૈયા, આયોજન સમિતિના સભ્યો મણીલાલ પોકાર, ચીમન ખીમાણી, તુલસી ભોજાણી, ડાહ્યાલાલ ભગત, અંબાલાલ છાભૈયા, પ્રહલાદ લીંબાણી, તુલસી પોકાર, દિનેશ લીંબાણીએ જહેમત ઉઠાવી હતી.

શ્રી ખેડોઇ લક્ષ્મીનારાયણ સનાતન સમાજના પ્રમુખ કિરણ પોકાર, મહામંત્રી તુલસી ભોજાણી યુવામંડળના દિનેશ લીંબણી, મહામંત્રી ધનશ્યામ લીંબણી , મહિલામંડળના પ્રમુખ ચંદ્રિકા ખીમાણી, મંત્રી રેજનબેન ભોજાણી રમેશ નરસિંહ ભગત સક્રિય રહી અગત્યની ભૂમિકા નિભાવી હતી. સમગ્ર અમૃતમહોત્સવ કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. કે.વી પાટીદાર અને મહામંત્રીશ્રી તુલસીભાઈ ભોજાણીએ કર્યું હતું.

એડવોકેટ કિરણ પોકાર ખેડોઈ સમાજ ના યુવા પ્રમુખ, સાથે અનુભવી રેવાલાલ પાટીદાર અનુભવી જે સમગ્ર આયોજન ચેરમેન, ડો. કે.વી.પાટીદાર સમાજના ઉપપ્રમુખ સાથે અન્ય અગ્રણીઓ દ્વારા સનાતની સમાજ ખેડોઇ નાં પ્રસંગે સ્ટેજ ની શોભા

ખેડોઈ ગામ લક્ષમી નારાયણ મંદિર નિર્માણ અમૃત મહોત્સવ પ્રસંગે, શ્રીસમાજ ના સંગઠન નાં અગ્રણીઓ

અદભુત પ્રકૃતિનું બનેલું આ વ્યક્તિત્વ ને વંદન,

ડોકટર ઝીણાભાઈ પટેલ કુલપતિ નવસારી યુનિવર્સિટી સાથે ગુજરાત ટિમ્બર મર્ચન્ટ ફેડરેશન નાં સભ્ય સાથે મુલાકાત..

ડોકટર ઝીણાભાઈ પટેલ જેઓ મૂળ કેસલી ગામ જે બીલીમોરા નજીક આવ્યું. જેઓ આજે વાઇસ ચાન્સેલર નવસારી કૃષિ યુનિવર્સિટી માં પદ ની સેવા નિયુક્તિ ની ભૂમિકા અદા કરે છે.. તેઓ કીટાણુ જે ખેતી નાં પાક ને નુકસાન કરે છે તેના ઉપર નો ખુબ અભ્યાસ અને રિસર્ચ કરેલ છે અને એવોર્ડ પણ મેળવેલ છે.

તેમણે એક શોધ જે કરી તે અંદર તસ્વીર માં પીળા કલર નું હાથ માં દેખાય છે જે કેરી કે અન્ય ફળ જે ઝાડ કે છોડ પર આવે ત્યારે એક ફળ મચ્છર માખી પ્રકાર નું કીટાણુ તે ફળ પર આવી ને ઈંડા મૂકી જાય અને આ કારણે આ ફળ થોડા સમય બાદ એના કારણે નુકસાન પામે છે. એ ફળ ને ઉતારી ને ઘરે પણ લાવ્યા હો તો ત્યાં આવ્યા પછી પણ તેનો બગાડ નિશ્ચિત છે. આથી કેમ બચવું તો તે ચિંતા પર નું ચિંતન અને રીસર્ચ કરતા તારણ કાઢ્યું કે તૈયાર ફળ પર દવા નો સ્પ્રે કરવો એ માનવ જાત માટે જોખમી. જેથી એવું કરવું નહિ. એમને એવી સિદ્ધિ મેળવી કે એક પલાસ્ટિક ની સંકુ આકાર ની બોટલ માં ચારે બાજુ થી પ્રવેશી સકે આ કીટાણુ એવા મોટા છિદ્ર કર્યા અને અંદર એક નાનકડો પ્લાય નો ટુકડો જે ત્રણ પ્રકાર ની દવા માં ડુબાડી ને રાખેલો તે લટકાવી દેવામાં આવ્યો. આ દવા એવા પ્રકારની કે બે એકર નાં વિસ્તાર માં જો કોઈ નર કીટ હોય તો પલાયવુડ નાં ટુકડા માં નાખેલ દવા ની સ્મેલ થી આકર્ષાય અને જે નર બોટલ માં આવે તેને જોઈ ને મદા કીટ બોક્ષ તરફ આવે આ તો કુદરતી છે પછી જે અંદર રહેલ પ્લાયવુડ માં નાખેલી બીજી દવા તેને મૃત કરી નાખે.

એટલે શું થયું કોઈ પણ પ્રકાર ની દવા સ્પ્રે કરવા વિના બે એકર નો વિસ્તાર માં રહેલી આ કીટાણુ નો નાશ થયો. આથી ફળ સુરક્ષિત અને તેની કોસ્ટ માત્ર ૨૦૦ રૂપિયા..

ઝીણાભાઇ આજે જે નવસારી યુનિવર્સિટી માં કુલપતિ છે ત્યાં તેઓ અભ્યાસ કરતા, તેમને ભણવાની રકમ નાં હોવાથી જે તે સમયે ભણવાનું છોડી દેવાના હતા. તો ત્યાં એમણે ત્યાં નાના માં નાની રોજમદાર તરીકે નોકરી કરી જેથી અભ્યાસ થાય. ક્રમશ તેઓ તમામ નાના પ્રકાર ની નોકરી ત્યાં કરી.એમના દાદા સામર નામના લાકડા માંથી હલકા વજન નાં box બનાવતા ને મુંબઈ મૂકતા. તેઓ એ ઘર નાં આંગણે ૦૧ રૂપિયા માં લાવેલ સેવન નાં રોપા ને મોટો કર્યો એને જ્યારે પોતાનું મકાન બીલીમોરા માં બનાવ્યું તો એમાંથી મેન ગેટ અને ઘર નાં મંદિર નું લાકડું એમાંથી મેળવ્યું. એક રૂપિયામાં લાકડું થયું જે દરવાજા ઘર નાં બની ગયા.

તેઓ ડાંગ નાં વઘઇ ગમે કૃષિ સંશોધન કેન્દ્ર છે ત્યાં તમામ પ્રકાર ની સયન્ટિસ્ટ તરીકે ની સરકારી નોકરી કરી તે રોજ બીલીમોરા થી આવજાવ કરતા.

તેમના પત્ની પણ શિક્ષિકા એટલે તેઓ એ ટિફિન જ રોજ ખાવાનું રહેલ.. તેમના હસ્તક એ વઘઇ ડાંગ માં સરકારી અગ્રિકલચર કોલેજ પણ છેલા દાયકા માં ચાલુ કરી જેમાં એમનો સિંહફાળો હતો.અલગ વ્યક્તિત્વ ધરાવતા ઝીણાભાઈ સાચેજ નામ જેમ ઝીણું ઝીણું ખૂબ વિચારે અને તરત અમલ માં પણ મૂકે. તેમણે અનેક ખેડૂતો માટે નાં કાર્ય કરેલા છે અને વિવિધ એવોર્ડ મેળવેલ છે. પિતાના આઠમું સંતાન એટલે ઝીણાભાઈ સમગ્ર જીવન સ્વાવલંબી થી જીવે છે. આજે પણ કુલપતિ નાં બંગલા માં તેઓ મહદ અંશે એકલા રહે છે. જે પણ રહેવું અનિવાર્ય હોય તો.

તેઓ બીલીમોરા લાયન્સ ક્લબ નાં પ્રમુખ નાં પદ પર સેવા આપી ચૂક્યા છે એટલે આમ જનતા વચ્ચે પણ સરળ વ્યક્તિત્વ છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી ભારતમાં નબર ૦૪ પર અને ગુજરાત માં નબર ૦૧ નું સ્થાન ધરાવે છે. અહી ફોરેસ્ટ્રી ની કોલેજ સાથે તમામ પ્રકાર ના આ વિસ્તાર માં થતા વૃક્ષો નાં એક્સપર્ટ સાયન્ટિસ્ટ છે.

વિશ્વ નાં અન્ય દેશો માંથી પણ અહી વિદ્યાર્થી આવે છે. ભરૂચ, તાપી સુરત, વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લા માં આ કૃષિ યુનિવર્સિટી નાં કેન્દ્ર છે અને મોટા રિસર્ચ નાં સેન્ટર છે. નવસારી જ ૧૨૦૦ એકર માં આવેલું સેન્ટર છે.

ડોકટર ઝીણાભાઈ પટેલ સ્થાનિક ખેડૂત નાં પુત્ર છે એટલે વાસ્તવિકતા ની ખુબ નજીક છે અને મળવા જેવા વ્યક્તિત્વ છે.

ગૌરાંગ ધનાણી,
પ્રેસિડેન્ટ,
બારડોલી પ્રદેશ ટિમ્બર એસોસિએશન.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ સ્વર્ણિમ મહોત્સવની ઉજવણી સિકંદરાબાદ ખાતે યોજાનાર ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન ના ભાગ સ્વરૂપે આજ બુધવાર તા 07-12-2022 ના રોજ શ્રી તેલંગણા આંધ્ર ઝોન સમાજ ના પ્રમુખશ્રી કાંતિલાલ પ્રેમજી ગોરાણી અને મહામંત્રી, હંસરાજભાઈ નાનજી દડગા ની સાથે TAP રીજીયન હોદ્દેદારશ્રીઓ અને સ્થાનિક સિકંદરાબાદ યુવા મંડળ ના કારોબારી સભ્યોએ આયોજન સ્થળ નું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે Golden Jubilee Tournament આયોજન ચેરમેન દિપક દિવાણી, (કાઉન્સિલ પ્રેસિડેન્ટ યુવાસંઘ) સર્વે ઉપસ્થિત સભ્યોને સ્થળ પર આયોજન બાબત પુરે પુરી માહિતી વિસ્તારમાં આપેલ હતી.

ચાલો સિકંદરાબાદ ... ચાલો સિકંદરાબાદ ....

સિકંદરાબાદ તૈયાર છે અખિલ ભારતીય ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ નું ભવ્ય આયોજન કરવા માટે આપ સહું યુવાઓ નાં સત્કાર માટે.. તો ચાલો આગામી 04 થી 08 જાન્યુઆરી 2023 માં સિકંદરાબાદ મધ્યે ચેતનય સ્ફૂર્તિ અને ઉત્સાહ સાથે મળશું સિકંદરાબાદ નાં ગ્રાઉન્ડ માં ઉત્સાહ ની ફિલિંગ લેવા અને આપવા

તો કરો તન - મન મહેનત અને ધગશ સાથે ચાલો આપણે સૌ સાથે મળીને આ આયોજન ને તન - મન - ધન સાથે મળીને સફળ બનાવવા લાગી પડીએ...એજ અભિલાષા સાથે.....
વિનંતી.....

દિપકભાઈ દિવાણી,
યુવાસંઘ,
આયોજન ચેરમેન

કાંતીભાઇ ગોરાણી પણ યુવાસંઘ નાં માળખામાં કાઉન્સિલ પ્રેસિડેન્ટ ની ખુબ અગત્ય ની ભૂમિકા માં સેવા આપી છે અને એમના સમય થી ટેલગણા આંધ્ર યુવાઓ ને જબરદસ્ત ચૈતન્ય ની જાગૃતિ આપી છે. આજે તેઓ એક વડીલની ભૂમિકા માં યુવાઓ ને પ્રોત્સાહિત કરે છે.

સનાતની શતાબ્દી મહોત્સવ ની એક સમીતી Concept devlapment implementation નું કાર્ય પ્રારંભ.

આ સમીતિં ખાસ આખા પોગ્રામ ની ફૂલ ડિઝાઇન કરવાની છે. એને તેનું અમલીકરણ નું કાર્ય છે.

રૂબરૂ પરસોતમ ભગત, અંક્લેશ્વર, શ્રીસમાજ માંથી વિવિધ વ્યક્તિઓ જેમકે જયંતીભાઈ રામાણી, હરેશ રામાણી, નવીન લીંબાણી, ડૉ. વિઠ્ઠલ ભવાણી, પંકજ પારસિયા જેઓ કાઉન્સિલ પ્રેસિડેન્ટ ની પદધર્મ અદા કરનાર ની વિશેષ હાજરી રહેલ હતી.

જેમાં આ કોન્સપ્ટ ટીમ આયોજન નો મૂળ હાર્દિક શું તે જાણવું અનિવાર્ય છે.

આ બાબતે એક ટીમ રચના કરવામાં આવી અને આ ટીમ તરત કાર્ય કરવા ઉત્સાહ સાથે કાર્યરત થયેલ છે કે આગામી આ માસ માં કાર્ય કરેલ નાં રિપોર્ટ આપી અમારી બનતી કોશિશ શ્રીસમાજ ને વિનંતી આ સમીતી ની વ્યાપકતા વધે અને ઉકેલ સાથે અસરકારકતા વ્યાપક બને તેવી વાત કરવામાં આવેલ.

રદી સે સમૃદ્ધિ નાં વિષય અંતર્ગત શ્રીસમાજ આયોજન સમિતિ ચિંતિત અને આગામી બેંગલોર મુકામે કારોબારી સભા માં થશે ચર્ચા

યુવાસંઘ અને રીજીયન કાર્યકરો પૂર્ણ પણે કાર્ય કરવાના અભિગમથી કાર્ય કરશે

યુવાસંઘની મિત્રતામાં વધુ મીઠાસ ભરી મિત્રતાને સંબંધમાં પરિવર્તિત

યુવાસંઘના PRO પ્રવકતા પરસોત્તમ વાલાણી અને સરદાર પટેલ રીજીયનના પૂર્વ ખજાનચી, વડોદરા જગદીશ નાકરાણી સ્નેહ સંબંધે જોડાયા છે. પરસોત્તમ અને હિનાબેનની દીકરી ખુશ્બુ (ખુશી) નો સંબંધ જગદીશ અને રાધાબેનના દીકરા ગર્વ સાથે નિશ્ચિત કર્યો છે. આ સુમધુર સંબંધના જોડાણ થકી યુવાસંઘની ગાંઠ વધુ મજબૂત બની છે. બંને પરિવારને યુવાસંઘ વતી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

શુભેચ્છાઓ.આ સમયે આ બંને પરીવાર સમાજ નાં સુખાકારી જીવન માટે અર્પણ કરવાનો ભાવ પ્રગટ કરે છે..

રદી સે સમૃદ્ધિમારો સંકલ્પ

શ્રી સમાજનાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણનાં અધિવેશનની સાર્થકતા કાજે તથા મારા દીકરા ગર્વના સગાઈ પ્રસંગે મારું અને મારા પરિવારનું નાનકડું રદીનું યોગદાન 501 KG

હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠનનાં સેતુમાં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવ ની લાગણી અનુભવું છું..

ફેમિલી નબર....240172
પરીવાર સભ્ય સંખ્યા: 11
ગામ હાલ : હરણી(Vadodara)
નામ.. જગદીશ શિવદાસભાઈ નાકરાણી
સેલ નબર : 9825062926
કચ્છ નું ગામ : સાયરા (યક્ષ)
સમાજ નું નામ .. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - હરણી સમા વિસ્તાર.....
ઝોન સમાજ નું નામ . મધ્ય ગુજરાત ઝોન
સહિ.. jsnakrani

રદી સે સમૃદ્ધિમારો સંકલ્પ - કપડવંજ

શ્રી સમાજનાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણનાં અધિવેશનની સાર્થકતા કાજે તથા *મારી દીકરી ખુશ્બુ (ખુશી)ની સગાઈ પ્રસંગે મારું અને મારા પરિવારનું નાનકડું રદીનું યોગદાન 501 KG

હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠનનાં સેતુમાં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવની લાગણી અનુભવું છુ..

ફેમિલી નબર....407245
પરીવાર સભ્ય સંખ્યા-13
ગામ હાલ - કપડવંજ
નામ.. પરસોતમભાઇ કાન્તિભાઇ વાલાણી
સેલ નબર - 9825931083
કચ્છ નું ગામ - નખત્રાણા
સમાજ નું નામ ...કપડવંજ લાટીબજાર સનાતન સમાજ
ઝોન સમાજ નું નામ .મધ્યગુજરાત ઝોન
સહિ...pkvalani

સિકંદરાબાદ સમાજના ચિતલ વિભાગમાં મિશન અભિમન્યુ-

બાલ સંસ્કાર કેન્દ્ર દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતી ની ઉજવણી કરેલ. સૌ પ્રથમ સમાજ ના વડીલ માતાઓ દ્વારા ગીતાનું અને લક્ષ્મીનારાયણનું દીપ પ્રાગટ્ય કરેલ ત્યારબાદ બે બાળગીત લીધા. ત્યારબાદ 12 મા અને 15 મા અધ્યાય નુ સમૂહમાં પારાયણ કર્યું. ત્યારબાદ બાલ સંસ્કાર કેન્દ્રના બાલદેવે વકૃત્વ સ્પર્ધામાભાગ લીધો એ વિષય હતો "કૃષ્ણનું પરાક્રમ" અને "હું દાદાનો નાનો અર્જુન હરપલ કરીશ ગીતા નું ગરજન ." અને તે પછી ધાર્મિક ' પ્રશ્નોત્તરી રમ્યા . સહુએ ઘણો આનંદ માણ્યો .70 થી 75 માણસની સંખ્યા હતી. પોતાના વાક્ ભૂષણમ્ સાથે ગીતા પૂજન કરી અને ગીતા જયંતી સાચા અર્થમાં ઉજવવી . સેવા આપનાર મિશન ના મેન્ટર્સ

૧. સુશીલા સોમજીયાણી, ૨. નમિતા ભાવાણી, 3. હેમાં સાખલા,૪. ચંદા સોમજીયાણી, ૫.રંજના સોમજીયાણી.



GUJARAT TIMBER MERCHANT FEDERATION
ગુજરાત ટીમ્બર મરચન્ટસ ફેડરેશન

313, Radhe Fortune, Bhat Circle, S. P. Ring Road, At. Po. BHAT Dist. Gandhinagar
Email : gtmf@rediffmail.com www.gtmfederation.com
૩૧૩, રાધે ફોર્ચુન, ભાટ સર્કલ, એસ.પી.રિંગ રોડ, ભાટ, જી.ગાંધીનગર

Ref. No. ૧૫૫/ ૨૦૨૨-૨૦૨૩ Date : 08-12-2022

પ રિ પ ત્ર

તા: ૧૯-૧૨-૨૦૨૨ ને સોમવાર
સવાર : ૯-૩૦ કલાકે

પ્રથમ સેશન : વિનંત વિધિવત
દ્વિતીય સેશન : વન વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કૃષિ મહાવિદ્યાલયના તજ્ઞો સાથે ચર્ચા ડિયન ગાર્ડનની એક દિવસની મહિલા અને પુરૂષોને તાલીમ
તૃતીય સેશન : વરુણદેવ સન્માન

તા: ૨૦-૧૨-૨૦૨૨ ને મંગળવાર
સવાર : ૯-૦૦ કલાકે

ગુજરાત ટીમ્બર મરચન્ટસ ફેડરેશન, ૩, ભાટગામ, ગાંધીનગર ની કાર્યવાહક સમિતિની મિટિંગ તા.૧૯-૧૨-૨૦૨૨ ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ કલાકે કૃષિ મહાવિદ્યાલય, એડુ સેંટર, નવસારી ખાતે નીચેના કામો માટે મળશે. તો આ મિટિંગમાં આપને હાજર રહેવા વિનંતી છે. મિટિંગમાં નીચે મુજબનાં છે.

સ્થળ-૩
૧. તારીખ-૦૨-૦૮-૨૦૨૨ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની મિટિંગની મિનિટ્સ વાંચી મંજુર કરવા બાબત.
૨. જુલાઈ-૨૦૨૨ થી સપ્ટેમ્બર -૨૦૨૨ દરમ્યાન થયેલ ખાતાના આવક ખર્ચના હિસાબો મંજુર કરવા બાબત.
૩. સભ્યશ્રીની મંજુરીથી જે સુધારા તે અંગે ચર્ચા વિચારણા કરી મંજુરી નિર્ણય લેવા બાબત.

આપનો ભાઇ : દેવીશ ઠક્કર
(અરવિંદભાઈ એમ. લીંબાણી)
માનદમંત્રી

આદરણીય સભ્યશ્રીઓ સદર કાર્યવાહક સમિતિની સભા સભ્યોનયાપણ સ્વરૂપે (સભ્યો) બનવાની ખાસ ઇચ્છા ધરાવતા હોય તેઓ ગુજરાત સદર આયોજન કરેલ છે. જેમાં ૩૨ મેચ ઈન્ડોર્સ - મેટ્રનીયો અને સાથે વન વિભાગના અધિકારીઓનો તથા પ્રગતિશ્રી આયોજનો પણ ઉપસ્થિત રહશે.
આગામી સભ્યપણાં ૩૨ મેટ ઈન્ડોર્સને કેવી રીતે વેલ્યુમંકેશન કરી શકાય તથા સોશીયલ મેસેજીંગ કેવી રીતે વધારે થાય જે બાબતે આપણે સૌ સાથે મળીને ચર્ચા થઈ વિચારણા કરીશું.
સદર કાર્યમાં આપ સૌ સહભાગી સભ્યો તથા પેટા સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા ખાસ ભલામણ કરવા વિનંતી છે.
આપ સૌની ઉપસ્થિતિ માટે અગાઉથી તા.૧૫-૧૨-૨૦૨૨ સુધીમાં નીચે જણાવેલ નંબર પર જાણ કરશો જેથી સુવ્યવસ્થા રૂપ વ્યવસ્થા થઈ શકે. તથા તમા ઓફરબની વ્યવસ્થા પ્રસિદ્ધ ગુજરાત એસોસીએશન દ્વારા કરવામાં આવશે.
સંપર્ક સૂત્ર : શ્રી પ્રેમજીભાઈ સોજાણી - ૯૩૨૦૬૪૧૨૧૫ શ્રી નીલેશભાઈ પટણી - ૦૯૧૨૧૦૧૦૦૦

PRESIDENT BABUBHAI MAKANI Mo. (9409) 01343
VICE PRESIDENT JAYANTIBHAI POKAR Mo. 94260 61987
SECRETARY